ગાંધીનગર સમાચાર
તા. ૧૩-૧૨-૨૦૧૩, શુક્રવાર

તંત્રી સ્થાનેથી.....

અણ્ણાના ઉપવાસની ઘટતી અસરકારતા

અણ્ણા હજારેએ ફરી વાર જનલોકપાલ બિલ મુદ્દે ઉપવાસનું શસ્ત્ર ઉગામ્યું છે. એ કદાચ એમ માનતા હશે કે ગાંધીજીની જેમ આ રીતે વારંવાર ઉપવાસ કરવાથી તેઓ ધાર્યું પરિણામ મેળવી શકશે. મુશ્કેલી એ છે કે ગાંધી એ ગાંધી હતા અને અણ્ણા એ અણ્ણા છે. વળી, ગાંધીની લડાઈ દેશને ગુલામ બનાવનારી અંગ્રેજ સત્તા સામે હતી. અણ્ણાની લડાઈ કોઈ સામે છે? શું એ એકલી કોંગ્રેસ સામે છે? ધારો કે એમ હોય તો સત્તાની સેમીફાઈનલ ગણાયેલી પાંચ રાજ્યોની વિધાનસભાની ચૂંટણીમાં એનો પ્રભાવ જરૂર દેખાયો છે. પરંતુ અણ્ણાના જમણા હાથ જેવા અરવિંદ કેજરીવાલે બહુપક્ષીય રાજકારણમાં રાજકીય પાર્ટી બનાવીને ભ્રષ્ટાચારીઓને પડકારવાની વાત કરી ત્યારે અણ્ણા અવઢવમાં મુકાઈ ગયા હતા. શરૂ શરૂમાં તેઓ કેજરીવાલને સમર્થન આપી રહ્યા હોય એમ લાગતું હતું પરંતુ છેલ્લે એમના અન્ય મહત્ત્વના સમર્થકો એમને રાજકારણથી છેટા રહીને જ કામ કરવા સહમત કરી શકયા હતા. અણ્ણાએ કહ્યું હતું કે અમે સારા ઉમેદવારોની તરફેણ કરીશું પરંતુ ગત ચૂંટણીમાં એ કોઈપણ ઉમેદવાર માટે બહાર ન નીકળ્યા, એટલું જ નહીં, એમણે કેજરીવાલને વધુ પડતા મહત્ત્વાકાંક્ષી ગણાવ્યા અને પોતાના નામનો ક્યાંય પણ ઉપયોગ નહીં કરવાની કડક તાકીદ પણ કરી દીધી! એમ છતાં, મેધા પાટકરના અભિપ્રાય સાથે કોઈપણ વ્યક્તિ સૂર પુરાવવા તૈયાર થશે કે અણ્ણા આંદોલનની અસર હેઠળ જ દિલ્હી જેવા અત્યંત સંવેદનશીલ રાજયમાં કોંગ્રેસ અને ભારતીય જનતા પાર્ટી જેવાં દિગ્ગજ રાષ્ટ્રીય પરિબળો સામે નવીસવી 'આમ આદમી પાર્ટી'એ કાઠું કાઢ્યું છે. અણ્ણા જે જનલોકપાલબિલ માટે હઠાગ્રહ સેવી રહ્યા છે તેને કેન્દ્ર સરકાર અણ્ણાની જ ફૉર્મ્યુલા પર લાવી શકવાની નથી, તે હકીકત છે. આ બિલ સામે મુલાયમસિંહ જેવા નેતાઓએ તો મૂળમાંથી જ વિરોધ નોંધાવ્યો છે. બલકે ભારતીય જનતા પાર્ટી પણ અણ્ણાના જનલોકપાલ મુસદ્દામાં લોકપ્રતિનિધઓની સત્તા અને મહત્તાનો છેદ ઉડાડવાની વાત સાથે સહમત નથી. પરિણામે વરસદહાડા અગાઉ અણ્ણાનું આંદોલન દિલ્હીમાં કેન્દ્રિત થયું હતું તે હવે એમના વતનના ગામ રાલેગણ સિદ્ધીમાં સંકોચાઈ ગયું છે. હવે એના તરફ આમજનતાને અગાઉ જેવું આકર્ષણ રહેવા પામ્યું નથી. એમનું માન જાળવવા પૂરતો એમના સાથીદારો એમને ટેકો આપી રહ્યાં છે, એટલું જ. ખુદ કિરણ બેદી પણ સમજે છે કે અણ્ણાના ઉપવાસથી બિલ પસાર થઈ જવાનું નથી. તેથી એમણે કેન્દ્રીય મંત્રી નારાયણ સામી સાથે આ મુદ્દે વાતચીત કરતાં આક્રોશ ઠાલવ્યો હતો કે તમે બિલ લાવવાની વાત કરતા રહો છો પરંતુ હજી સુધી એ તસુભાર પણ ખસ્યું તો છે નહીં! શું તમે એને તમારા કબાટમાં મૂકી રાખ્યું છે? બિલ લાવવું જ હોય તો એને ટેબલ પર મૂકો ને! હવે અણ્ણાના આંદોલનના આ નવા પ્રકરણથી ડઘાઈ ગેયલી મનમોહનસ સરકારે એને તાબડતોબ રાજયસભામાં રજૂ કરવાની તૈયારી દર્શાવતાં વળી પાછી અણ્ણાને હૈયાધારણ બંધાવાશે. પરંતુ અત્યાર સુધી અણ્ણાએ કેન્દ્ર સરકાર સામે જે ઉચ્ચારણો કર્યાં છે, ત્યાં સુધી કે વડાપ્રધાન મનમોહનસિંહને પણ જૂઠ્ઠા અને અપ્રામાણિક ઠેરવી દીધા છે- ત્યારે કેન્દ્ર એમને કેટલા ગંભીરતાપૂર્વક લેશે, તે પ્રશ્ન જ છે. અણ્ણા આંદોલનને શરૂ શરૂમાં રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘનું સામર્થન હતું, ભાજપના રાષ્ટ્રીય નેતાઓ એમના તૈયાર મંચ પર ચડી બેસવાની તકની રાહ જ જોઈ રહ્યા હતા અને એક તબક્કે તો ચડી પણ બેઠા હતા. પરંતુ પછી કેજરીવાલ અને એમના સાથીદારોની રાજકીય મહત્ત્વાકાંક્ષા જાગી ઊઠતાં ભાજપને એમનામાં સમર્થનને બદલે સ્પર્ધાની દહેશત જાગી હતી. આ દહેશત સમયાંતરે સાચી પણ ઠરી છે. કદાચ અણ્ણાનો જ અવાજ રજૂ કરતાં હોય એમ કિરણ બેદીએ કેજરીવાલની 'આપ' પાર્ટીને ભાજપ સાથે સંકલન કરી દિલ્હી રાજયનું સુકાન સંભાળવાની સલાહ આપી હતી. અણ્ણાએ આજ પર્યંત ભાજપની વિરુદ્ધ ભાગ્યે જ ખાસ વાંધાજનક વાત કરી છે. એમણે નરેન્દ્ર મોદી અને ભાજપના કટ્ટર સમર્થક બાબા રામદેવનું સમર્થન પણ સ્વીકાર્યું હતું. કેજરીવાલ ભાજપના સાંપ્રદાયિક સ્વરૂપને બરાબર ઓળખી ગયા છે. તેઓ કિરણ બેદીની જેમ છૂપા ભાજપ સમર્થક નથી, તે એમણે દિલ્હીમાં પોતાના બળ પર ચૂંટાઈ આવીને સાબિત કરી દીધું છે. હવે પ્રશ્ન એ રહે છે કે આ સંજોગોમાં અણ્ણાના આંદોલનનું ભાવિ શું? ભાજપ ઈચ્છશે કે અણ્ણા વારંવાર ઉપવાસ પર બેસતા રહે અને પ્રજા સમક્ષ કોંગ્રેસની નાલેશી કરતા ફરે. નરેન્દ્ર મોદીએ દસ વર્ષ સુધી લોકાયુક્તની નિમણૂક ન થવા દીધી, છતાં અણ્ણાએ અમદાવાદમાં આવીને ઉપવાસ કરવાની ધમકી નહોતી આપી. ઊલટાનું, એ લોકાયુક્ત નીમશે તો પોતે એમને સમર્થન આપશે એવું વિધાન કરેલું. આમ, અણ્ણાનો કોંગ્રેસ વિરોધી સૂર વધુને વધુ પ્રબળ બને એવું તો ભાજપ ઈચ્છે જ. બનવાજોગ કે પોતાના આંદોલનનો માર્ગ પોતે નક્કી કરી શકવામાં અસફળ રહેલા અણ્ણા કિરણ બેદી જેવાં મોટી સમર્થકની શેહમાં આવી જઈ લોકસભાની ચૂંટણી પૂર્વે ખુલ્લંખુલ્લા ભાજપની તરફેણમાં આવી જાય. મેધા પાટકર જેવાં રચનાત્મક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલાં સમર્થકો એમને અટકાવવામાં કેટલાં સફળ થશે તે સમય જ કહી શકે.

આર્ટ ઓફ લીવીંગ અને યુનિસેફના સંયુક્ત ઉપક્રમે સે. ૨૧માં આવેલી માઉન્ટ કાર્મેલ સ્કૂલમાં યુનિસેફ દિવસના સંદર્ભે બેટી બચાવોની પ્રતિજ્ઞા શાળાના વિદ્યાર્થીઓને લેવડાવવામાં આવી હતી. કાર્યક્રમમાં પ્રિન્સીપાલ રેણુકાએ સમાજમાં કન્યાઓ તરફ થતા હિંસા અને દુર્વ્યવહાર, શિક્ષણ, કુપોષણ, કન્યાભ્રુણ હત્યા અને બાળ લગ્નના મુદ્દાઓની ચર્ચા કરવામાં આવી હતી.

હરિની દૃષ્ટિ...

નાલાયક, આ દાઢી, ટોપી કાઢીને ફર...કોઈ ધાર્મિક ગુરુ જેવો લાગે છે... અમારી આબરૂ જશે...

દેસાઈ સમાજનું ગૌરવ

ગાંધીનગર, તા. ૧૨

ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડ દ્વારા લેવાયેલી ધો. ૧૧ સાયન્સ સેમેસ્ટર-૧નું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં શહેરના સેક્ટર-૨૯માં આવેલ પ્રમુખ મુર્તિ એપાર્ટમેન્ટમાં રહેતા ઈશ્વરભાઈ દેસાઈની દિકરી દિશા શેઠ સી.એમ. વિદ્યાલય, સે. ૨૩ ખાતે અભ્યાસ કરે છે. જેને ધો. ૧૧ સાયન્સ સેમેસ્ટર-૧ વિજ્ઞાન પ્રવાહમાં એ-૧ ગ્રેડ મેળવી સ્કૂલનું અને સમાજનું ગૌરવ વધારેલ છે.

દિલીપ રાણપુરાની વિકાસલક્ષી નવલકથાઓ વિશે વિશદ અભ્યાસ

લોકપ્રિય સાહિત્યકાર દિલીપ રાણપુરાની જન્મતિથી નિમિત્તે ગત ૧૭ નવેમ્બરના રોજ તેમના મિત્ર સમુદાય દ્વારા સ્મૃતિ સ્નેહમિલન યોજવામાં આવ્યું હતું.

પૂર્વ સાંસદ સવજીભાઈ મકવાણાના પ્રમુખ સ્થાને ખેતભવન અમદાવાદ 'નયા માર્ગ' કાર્યાલયમાં સ્મૃતિ સ્નેહમિલન યોજવામાં આવ્યું હતું. જેમાં ડૉ. રવિ અંધારિયા શ્રી રાણપુરાની ત્રણ વિકાસલક્ષી નવલકથાઓ પર વિશદ અભ્યાસ રજૂ કર્યો હતો. આ પ્રસંગે ડૉ.કેશુભાઈ દેસાઈ, યોસેફ મેકવાન, સુખદેવ પટેલ, નટુભાઈ શાહ, હિંમતભાઈ શાહ, કમલેશ ઓઝા જેવા રાણપુરાના ચાહકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા તેમજ ૭૫ વર્ષ પૂર્ણ કરનાર લેખક-પત્રકાર યશવંત મહેતા અને દેવી મહેતાનું સન્માન કરવામાં આવ્યું હતું.

આર.જી. કન્યા શાળાનું ૧૦૦ ટકા પરિણામ

ગાંધીનગર, તા.૧૨

કડી સર્વ વિદ્યાલય સંકુલમાં આવેલી શ્રીમતિ આર.જી. પટેલ કન્યા માધ્યમિક શાળા અને શ્રીમતિ એસ.બી. પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળાનું એચએસસી બોર્ડ સેમેસ્ટર-૧નું વિજ્ઞાન પ્રવાહનું પરીણામ ૧૦૦ ટકા આવ્યું છે. આ પરીક્ષામાં કુલ ૧૬૬ પરીક્ષાર્થીઓએ ભાગ લીધો હતો. તેમાંથી તમામ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા હતા.

ચૌધરી કોલેજમાં એન્ટી રેગીંગ પ્રેઝન્ટેશન યોજાયું

ગાંધીનગર, તા.૧૨

સેકટર-૭ ખાતે આવેલી પી.કે. ચૌધરી મહિલા કોલેજમાં આજ રોજ એન્ટી રેગીંગ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

ચૌધરી મહિલા કોલેજમાં મહિલા જાગૃતિ અંગે એન્ટી રેગીંગ પ્રેઝન્ટેશન રાખવામાં આવ્યું હતું. યુ.જી.સી. નિયમ મુજબ કોલેજમાં એન્ટી રેગીંગ સેલ પણ કાર્યરત છે. મહિલા જાગૃતિ અંગે યોજાયેલ કાર્યક્રમમાં પી.આઈ. પી.સી. વાલેરા, પી.એસ.આઈ. મનિષાબેન પવાર અને મિનાક્ષીબેન પટેલે ઉપસ્થિત રહી વિદ્યાર્થીનીઓને માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમમાં ૧૫૦ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો.

વ્યસનમુક્તિ અભિયાન અંતર્ગત કાર્યક્રમ યોજવામાં આવ્યો

સરદાર વલ્લભભાઈ પટેલ વિદ્યામંદિર સે-૭ ખાતે આજ રોજ વ્યસન મુકિતનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

વ્યસનમુકિત અભિયાનના પ્રણેતા, કથાલેખક અને નિવૃત્ત ઓફિસર ગુલાબ એન. પટેલની અધ્યક્ષતામાં શાળા ખાતે વ્યસનમુકિતનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં ગુલાબ એન. પટેલે બાળકોને વ્યસનથી થતું નુકસાન અને વ્યસનથી દૂર કેવી રીતે રહેવું તેની ઉંડાણપૂર્વક સમજ આપી હતી. આ કાર્યક્રમમાં વ્યસન કરતા વિદ્યાર્થીઓને વ્યસન નહિ કરવાના સંકલ્પ લેવડાવ્યા હતા. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

બાળ સાહિત્ય અકાદમીનું ૧૪મું અધિવેશન

અમદાવાદ, તા.૧૨

બાળ સાહિત્ય અને બાળ સાહિત્યકારોના હિત, વિકાસ અને ગૌરવ માટે ૧૯૯૪થી સક્રિય બાળ સાહિત્ય અકાદમીનું ૧૪મું અધિવેશન તા. ૧૨મી જાન્યુઆરી રવિવારે સવારે ૯.૩૦ વાગ્યાથી ગુજરાત સાહિત્ય પરિષદ ખાતે ડૉ. ભારતીબેન ઝવેરીના અધ્યક્ષસ્થાને યોજવામાં આવશે. આ અધિવેશનમાં ડૉ. કુમારપાળ દેસાઈ, ડૉ. શ્રધ્ધાબેન ત્રિવેદી, ડૉ. ઈશ્વર પરમાર, રજનીકુમાર પંડ્યા, ડૉ. આરતી પટેલ વગેરે સાહિત્યકારોનું વિશિષ્ટ સન્માન કરવામાં આવશે. આ ઉપરાંત આ અધિવેશનમાં ડૉ. ચીનુ મોદીના અધ્યક્ષપદે 'બાળવાર્તા સામેના પડકારો' વિષય પર પરિસંવાદ પણ યોજાશે.

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા અરવલ્લી જિલ્લાના શામળાજી વિસ્તારની ચાર પ્રાથમિક શાળાના ૧૯૫ બાળકોને ગરમ સ્વેટરનું વિતરણ કરવામાં આવ્યું હતું. *(તસ્વીર : દિપક જાની)*

જિલ્લાના યુવાનો રાષ્ટ્રીય એકતા કેમ્પમાં જોડાશે

ભારત સરકારના ખેલ મંત્રાલટ પુરસ્કૃત અને નહેરુ યુવા કેન્દ્ર સંગઠન નવી દિલ્હી દ્વારા સમગ્ર રાષ્ટ્રમાં રાષ્ટ્રીય એકતા કેમ્પ યોજાનાર છે. જેમાં ગાંધીનગર જિલ્લાના યુવકો રાષ્ટ્રીય એકતા કેમ્પમાં ભાગ લેશે.

રાષ્ટ્રીય એકતા કેમ્પમાં ગુજરાતના દરેક જિલ્લામાંથી યુવકો અને યુવતીઓની ટીમો અન્ય રાજયોમાં ભાગ લેનાર છે. જેમાં ચાલુ માસ દરમિયાન જમ્મુ કશ્મીર, લખનૌ (ઉ.પ્ર.) અને જયપુર (રાજસ્થાન) ખાતે યોજાનાર કેમ્પમાં જિલ્લાના ૬૦ જેટલા યુવા કલાકાર મિત્રો ભાગ લેશે.

કેમ્પમા સાંસ્કૃતિક આદાન પ્રદાનના માધ્યમથી ગુજરાતની કલા સંસ્કૃતિનું રસપાન કરાવશે. આ રાષ્ટ્રીય કેમ્પમાં શાંતિ, સદ્‌ભાવના અને પરસ્પર રાષ્ટ્ર ભાવના વધે તેવા કાર્યક્રમો હાથ ધરવામાં આવશે. તેમજ જાન્યુઆરી માસમાં ૧૬ રાજયોમાંથી યુવા મિત્રો ગાંધીનગરના મહેમાન બની કલા સંસ્કૃતિના કાર્યક્રમો યોજશે. આ અંગે વધુ વિગત માટે નહેરુ યુવા કેન્દ્રનો સંપર્ક કરવો.

ખેલ મહાકુંભ અંતર્ગત મહાત્મા મંદિર ખાતે યોજાયેલી અંડર-૧૬ કબડ્ડી સ્પર્ધામાં જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલયની ટીમે જિલ્લા અને તાલુકા કક્ષાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. જેના ખેલાડીઓ આશા ચૌધરી, ગાયત્રી ચૌધરી, રુચી ચૌધરી, ઉર્વશી ચૌધરી, નેહલ ચૌધરી, જિનલ ચૌધરી દૃશ્યમાન થાય છે.

રન ફોર યુનિટી કાર્યક્રમમાં જોડાવા અપીલ કરવામાં આવી

ગાંધીનગર, તા. ૧૨

સ્ટેચ્યુ ઓફ યુનિટી કાર્યક્રમ અંતર્ગત તા. ૧૫ ડિસેમ્બરના રોજ યોજાનાર રન ફોર યુનિટી કાર્યક્રમમાં સ્વામી વિવેકાનંદ યુવક મંડળના યુવાનોને જોડાવા અપીલ કરવામાં આવી છે.

ગુજરાત વિધાનસભા ચ-૪ સર્કલ ખાતેથી સવારે ૭.૦૦ કલાકે પ્રસ્થાન થનાર દોડશે ભારત, જોડાશે ભારત, રન ફોર યુનિટી કાર્યક્રમમાં નગરજનો અને યુવાનોને મોટી સંખ્યામાં જોડાવા કેતનભાઈ પટેલ દ્વારા જણાવાયું છે.

સરકારી પ્રાથમિક શાળા સે. ૮ની વિદ્યાર્થિનીએ યોગાસનમાં પ્રથમ સ્થાન મેળવ્યું

ગાંધીનગર, તા. ૧૨

સરકારી પ્રાથમિક શાળા સે. ૨૪/૨ ખાતે યોજાયેલ રમતોત્સવમાં સરકારી પ્રાથમિક શાળાઆ સે. ૮ની વિદ્યાર્થિની નીશા રમેશજી મકવાણા યોગાસનમાં પ્રથમ ક્રમ મેળવ્યો હતો. જ્યારે શાળાની વિદ્યાર્થિનીઓએ કબડ્ડીની સ્પર્ધામાં પ્રથમ ક્રમે રહી હતી. સે. ૮ પ્રાથમિક શાળાનું ગૌરવ વધારવા બદલ શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા છે.

એન્થની સારા ગાયક હોવા ઉપરાંત તેમણે એક સફળ ઉદ્‌ઘોષક તરીકે પણ નામના મેળવેલ છે, અનેક કાર્યક્રમોનું સંચાલન તેઓએ કર્યું છે

નાલંદા વિદ્યાવિહાર, સરસપુર, અમદાવાદની શાળામાં ધોરણ આઠમાં ભણતો એક વિદ્યાર્થી વર્ગખંડમાં બેસીને હંમેશા ગીતો ગુનગુનાવ્યા કરે. વર્ગ શિક્ષક અને બીજા શિક્ષકો પણ એને સાંભળે. હરિનભાઈ પાઠક (સંસદ સભ્યશ્રી) પણ ત્યાં શાળામાં જ હોવાથી તેમણે જગદીશભાઈ રાવલ (સંગીત શિક્ષક)ને કહ્યું કે, આ વિદ્યાર્થી ખૂબ સારું ગાય છે. એને પ્રાર્થના પછી રોજ એક ગીત ગાવા આપો. વિદ્યાર્થી તો ભયથી થર થર કાંપવા લાગ્યો, પગ ધ્રુજવા લાગ્યા અને ગભરામણથી એણે ગાવાની ના પાડી. પરંતુ શિક્ષકોના સહકાર, હૂંફથી વિદ્યાર્થી સ્ટેજ પર આવ્યો અને 'ગીત ગાતા ચલ ઓ સાથી ગુનગુનાતા ચલ..' ગીત રજૂ કરીને શાળામાં છવાઈ ગયો. આચાર્યશ્રીએ સુંદર ગાય છે અને સંગીતની દુનિયામાં જરૂર એનું નામ બનશે. માતા-પિતાએ પણ મંજૂરીની મહોર મારી અને આઠમા ધોરણમાં ભણતા વિદ્યાર્થીએ અમદાવાદ યુનિવર્સલ આર્ટીસ્ટ ઓરકેસ્ટ્રામાં પહેલી વખત કિશોર કુમારનું મશહૂર ગીત 'મેરે નૈના સાવન ભાદો ફિર ભી મેરા મન પ્યાસા...' રજૂ કરીને 'વન્સ મોર' મેળવીને સંગીતની દુનિયામાં શાનદાર પ્રવેશ કર્યો. આ વિદ્યાર્થી.. આ છોકરો.. આ કલાકાર એટલે...

અમર?.... ના ના, ના જી

અકબર?... નહીં નહીં શ્રી

તો એન્થની? યસ.

યસ એન્થની ફ્રાન્સિસ ક્રિશ્ચયન, પછીથી ગાંધીનગરના વૉઈસ ઑફ કિશોર કુમાર તરીકે જાણીતા કલાકાર તે એન્થની ફ્રાન્સિસ. આવો તેમનો પરિચય મેળવીએ...

તા. ૪-૧૧-૬૦ના રોજ જન્મેલ, મૂળ મણિનગર અમદાવાદના વતની, સ્વ. ફ્રાન્સિસ પીટર (પિતા) અને લ્યુસીયાબેન(માતા)ના ચાર પુત્રો વિલીયમ, પિયુશ, જૉન અને એન્થોની-માં સૌથી નાના પુત્ર તે એન્થની. બાળપણથી જ પ્રભુ તરફથી સુંદર અને સુરીલા ગળાની ભેટ હતી. મોટા ત્રણે ભાઈઓ પણ સુંદર અવાજ ધરાવતા હતા. તેમને ગાતા જોઈ એન્થની પણ શીખવા લાગ્યો. બાળપણથી જ પ્રભુ તરફથી સુંદર અને સુરીલા ગળાની ભેટ હતી. મોટા ત્રણે ભાઈઓ પણ સુંદર અવાજ ધરાવતા હતા. તેમને ગાતા જોઈ એન્થની પણ શીખવા લાગ્યો. બાળપણથી જ સંગીતમાં રસ લેતા પુત્રને માતા લ્યુસીયાબેનની પ્રેરણા પ્રોત્સાહનથી એન્થની પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ નાલંદા વિદ્યાવિહાર, અમદાવાદથી મેળવવાની સાથે સાથે વધારે પ્રેકટીસ કરી સ્ટેજની દુનિયામાં ઝડપભેર ગૌરવપૂર્ણ સ્થાન પ્રાપ્ત કરવા લાગ્યા. શાળાની દરેક સ્પર્ધામાં ભાગ લઈ એન્થોની પ્રથમ નંબર મેળવતા.

કોલેજ અભ્યાસ ભવન્સ કોલેજ, અમદાવાદથી બી.કોમ.ની ડિગ્રી મેળવી. ત્યારબાદ ડિપ્લોમા ઈન કોમ્પ્યુટર એપ્લીકેશનનો અભ્યાસ પણ પૂર્ણ કર્યો. કોલેજની ટેલન્ટ ઈવનીંગમાં, એન્થોનીની જબર જસ્ત માંગ રહેતી. શાળાની સ્પર્ધાઓમાં ધોરણ આઠથી કોલેજ (બી.કોમ.) સુધીના અભ્યાસ દરમ્યાન સતત પ્રથમ નંબરે આવીને એન્થનીએ એક ગૌરવપૂર્ણ ઈતિહાસ રચેલ છે.

એન્થનીએ નાની ઉંમરથી જ ઓરકેસ્ટ્રામાં ગાવાનું શરૂ કરી દીધું હતું. એક, બે નહીં... નહીં અનેક ઓરકેસ્ટ્રા ગ્રૂપમાં વૉઈસ ઑફ કિશોરકુમાર તરીકે અવાજ આપીને ખ્યાતિ મેળવી છે. જેમાં યુનિવર્સલ આર્ટીસ્ટ, એચ. કુમાર એન્ડ પાર્ટી, ફકીરચંદ એન્ડ પાર્ટી, આવાઝ કી દુનિયા, સુરની શા, લાખીયા બ્રધર્સ, રોયલ સ્ટાર્સ, માઈકલ એન્ડ પાર્ટી, સેવન સ્કોલર્સ, કુમાર મ્યુઝીકલ મેલોડીઝ, પુરન કુમાર એન્ડ પાર્ટી, કોહિનૂર ઓરકેસ્ટ્રા, પેરેગોન મેલોડીઝ, વર્ષા વૂંદ, જે.બી. મ્યુઝીકલ વગેરે ઉપરાંત અનેક ફિલ્મ સ્ટાર સાથે કરેલા પ્રોગ્રામ ઉપરાંત અનેક ફિલ્મ સ્ટાર સાથે કરેલા પ્રોગ્રામોમાં સલક્ષણા પંડિત સાથેનો યાદગાર કાર્યક્રમ, જ્હોની લીવર નાઈટ, જુનીયર દેવાનંદ, મુન્નાર શાહ નાઈટ, જુનીયર મહેમૂદ નાઈટ વિગેરે અને ગાંધીનગરની યુનિક મેલોડીઝ ગ્રુપમાં સમગ્ર ગુજરાતમાં, મુંબઈ તેમજ ગુજરાત બહાર પણ વિવિધ સ્થળોએ પ્રોગ્રામ આપી એન્થનીભાઈએ લોકલાડીલા કલાકાર હોવાની છાપ ઉભી કરેલ છે.

કોલેજ કાળના એન્થનીના સાથી મિત્ર હાલના સ્ટેજ કિંગ (વૉઈસ ઑફ મુકેશ) મુન્નાર શાહ સાથે ઘનિષ્ઠ દોસ્તી, કોલેજકાળમાં એક સ્પર્ધામાં એન્થોનીએ પ્રથમ અને મુન્નાર શાહે દ્વિતિય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. પરંતુ સંજોગો વિપરીત થતાં ૧૯૮૫માં એન્થનીભાઈના પ્રેમાણ માતા લ્યુસીયાબેનનું અવસાન થતાં એન્થની ભાંગી પડ્યા અને ગાવાનું છોડી દીધું. માતાના પ્રોત્સાહનથી જ તેઓ આ ક્ષેત્રે આગળ વધ્યા હતા ને નોકરી વિગેરે રૂટીન કામમાં એન્થની પરોવાઈ ગયા.

૩, વર્ષના લીપ બાદ...

૧૯૯૬માં સોનિક ટેકનોલોજી, ગાંધીનગર ખાતે નોકરી મળતા એન્થની ગાંધીનગરવાસી બન્યા. ધીમે ધીમે પ્રેમાળ મિત્રો મળતા એન્થનીભાઈના સંગીત શોખને ગાંધીનગરમાં ગતિ મળી. કંપનીના કાર્યક્રમોમાં એન્થની કિશોરદાના ગીતો રજૂ કરે અને શ્રોતાઓ ઝૂમી ઉઠે.

કંપનીના સાથી મિત્ર દિગ્વિજયસિંહ ઝાલાએ ગાંધીનગરના આશિકે મોહમ્મદ રફી અને નિવૃત્ત ઉપસચિવ હારીતભાઈ દવે સાથે એન્થનીનો પરિચય કરાવ્યો. મંત્રમુગ્ધ સંગીત શ્રેષ્ઠ સંગીતએ પરમેશ્વર છે. લીયો

કેફિયત કલા સાધકની

આશા સરવૈયા

ટોલસ્ટોયના મત મુજબ સંગીતએ ભાવની લઘુલીપિ છે. આ ભાવ સાથે સહમત હારિત દવે અને એન્થની ફ્રાન્સિસે સંગીત સાથે સેવાના ઉમદા હેતુથી ૨૦૦૪માં ગાંધીનગરમાં યુનીક મેલોડીઝ સંસ્થાની સ્થાપના કરી.

યુનીક મેલોડીઝે એક ચેરીટેબલ સંસ્થા તરીકે જગતના મહાન પાશ્ચ ગાયકો- ગાયિકાઓ તથા મહાન સંગીતકારોની જન્મતીથિ અને મૃત્યુતીથિએ તેઓએ ગાયેલા તથા સ્વરબદ્ધ કરેલા સુમધુર કર્ણપ્રિય- યાદગાર ગાયનોનો રસાસ્વાદ કરાવવાનું નકકી કર્યું. પછી તો ગાંધીનગર- અમદાવાદ વચ્ચે એન્થનીની સંગીત સફર ઉડાન ભરવા લાગી. ૨૦૦૪માં જ યુનિક મેલોડીઝ દ્વારા ગીતસ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાળ કલાકારથી પ્રોઢાવયના જૂથમાં સ્પર્ધાઓનું આયોજન હતું. કુમારને શ્રદ્ધાજલિના ૩૩ ગીતોનું આયોજન કર્યું હતું. આ શો માં ૩૩ ગીતો ગાઈને એન્થનીએ વન મેન શોનું આયોજન કર્યું હતું. આ શો માં ૩૩ ગીતો ગાઈને એન્થનીએ કાર્યક્રમને સફળતા બક્ષી હતી. રફી સાહેબની પુણ્યતીથિએ, ઘરની સંગીત બેઠકો અને અવારનવાર ટાઉન હોલમાં કાર્યક્રમો આપીને ગાંધીનગરની જનતાને સંગીતમાં તરબોળ કરી છે.

એક કલાકાર તરીકે એન્થની કિશોર કુમારથી માંડી નવી પેઢીના પાર્શ્વગાયકો કુમાર શાનુ, અભિજીત, શાન, વિનોદ રાઠોડ, બાબુલ સુપ્રિયોના અવાજની આબેહૂબ રજૂઆત કરવાની ઉત્તમ ટેકનીક ધરાવે છે. ગીત પછી ભલે દર્દીલું, રોમેન્ટીક, ડિસ્કો સોંગ કે શાસ્ત્રીય પ્રકારનું હોય તમે તેવા ગીતને પોતાના અવાજ દ્વારા કર્ણપ્રિય બનાવી ઓરીજીનલ ગાયક જેવું જ ગાઈ બતાવવાની વિશિષ્ટતા ધરાવે છે. યોડલીંગ કરવા પર તેમની માસ્ટરી છે. અઘરા યોડલીંગ સાથે ચિત્ર-વિચિત્ર શબ્દોવાળા કિશોરદાના ગીતો બખુબી ગાઈને એન્થનીભાઈએ ગજબની ચાહના મેળવી છે. મૈં હું ઝુમ ઝુમ ઝુમરૂ ઘુમુ ફક્કડ બન કે.... તેમની પાસે સાંભળવું એક લ્હાવો છે. તેમના પ્રિય ગીતો જિંદગી કા સફળ હૈ યે કૈસા સફર, મેરે સપનો કી રાની... તેઓ જ્યારે રજૂ કરે છે. ત્યારે ગોલ તાળીઓના ગડગડાટ અને વન્સમોરના નારાઓથી ગુંજી ઉઠે છે.

એન્થની ફ્રાન્સિસ નાઈટ એ શીર્ષક હેઠળ પાંચ કાર્યક્રમો ગાંધીનગર ટાઉન હોલ ખાતે યોજાઈ ગયા છે. અમદાવાદ ટાઉન હોલ અને બીજા હોલમાં પણ એન્થનીભાઈના અનેક કાર્યક્રમો યોજાયા છે.

એન્થની સારા ગાયક હોવા ઉપરાંત તેમણે એક સફળ ઉદ્‌ઘોષક તરીકે પણ નામના મેળવેલ છે. અનેક કાર્યક્રમોનું સંચાલન તેઓએ કર્યું છે. સેકટર-૨૨ના રંગમંચ પર યોજાતા ગણેશોત્સવમાં ફિલ્મી ગીત નાઈટમાં પ્રથમ વખત એંકરીંગ કર્યું. ત્યારથી આયોજકોએ દર વર્ષ માટે એન્થની ને બુક કરી લીધા હતા. ગાંધીનગરની સીટી કેબલ અને સીટી ન્યૂઝ ચેનલ પર ન્યુઝ રીડર તરીકે વર્ષો સુધી તેમણે સેવાઓ આપી છે. સ્વભાવે શાંત, નમ્ર, નિરાભિમાની એન્થની ખૂબ ધર્મપ્રેમી પણ છે. માતા લ્યુશીયાબેનના અવસાન બાદ આણંદ કે થોલીક દેવાલય અને હોલી ફેમીલી ચર્ચ અમદાવાદ માટે એન્થનીભાઈએ પોતાના વન મેન શો(ચેરીટી શો) રજૂ કરીને સમાજને ઉપયોગી બન્યા છે.

સ્વ. માતાનો તેમની સંગીત યાત્રાની સફળતા પાછળ મોટો ફાળો રહ્યો છે. વખતોવખત પ્રેરણા, હિંમત, પ્રોત્સાહન આપી અમદાવાદ જેવા મોટા શહેરોમાં નામના મેળવવા પ્રેરકબળ પુરું પાડ્યું છે.

જે હાલમાં પત્ની ઉષાબેન (શિક્ષિકા, માઉન્ટ કાર્મેલ સ્કુલ, અમદાવાદ) પૂરું પાડી રહ્યા છે. પતિની કલાને ઓળખીને સુંદર સાથ સહકાર પુરા પાડ્યા છે. પુત્ર એલેક્સ (ફૂટબોલ પ્લેયર) હાલ એમ.કોમ.નો અભ્યાસ કરે છે. જ્યારે પુત્રી રોઝલીન (ધો.-૮)માં ભણે છે. એલેકટસ સુંદર ગિટાર વગાડે છે. અને પુત્ર-પુત્રી બંને ઈંગ્લિશ વેસ્ટર્ન મ્યુઝીકની જોરદાર રજૂઆત કરી શકે છે.

માતાના અવસાનથી ભાંગી પડેલ એન્થનીએ સંગીતની દુનિયાને અલવિદા કરી નોકરીમાં જોડાયા (હાલ તેઓ સ્પોર્ટસ યુનિ. ખાતે ફરજ બજાવે છેઃ પરંતુ મૂળ કલાકારનો જીવ અને પીઢ કલાકાર હારિતભાઈનો સાથ મળવાથી નવેસરથી સંગી